પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૯ | ૪ જુન, ૨૦૧૮, સોમવાર ; અ. જેઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### પેટ્રોલમાં ૧૦ પૈસાનો ઘટાડો

પેટ્રોલ ડીઝલના વધતાં ભાવમાં ઘટડો કરવાના સરકારના પ્રયત્ન ચાલી રહ્યા છે. જેમાં આજે રવિવારે પેટ્રોલમાં ૯ પૈસા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો છે, જ્યારે ડીઝલમાં કોઈ ફેરફાર કર્યો નથી.

### ઉત્તર-દક્ષિણ કોરિયા વચ્ચે ૧૪મીએ વાટાઘાટો

ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા પારસ્પરિક સંબંધોને સુધારવાની નવી કોશિશ કરવાના છે. આ નવી કોશિશમાં બંને દેશોના ટોચના સૈન્ય અધિકારીઓ વચ્ચે બેઠક યોજાવાની છે. ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે બંને દેશોના જનરલ સ્તરની સૈન્ય નેતૃત્વ વચ્ચેની વાટાઘાટો કરવાની તૈયારી થઈ રહી છે.

### સાંસદ રવિન્દ્ર કુશવાહ ધરણાં પર બેસશે

ઉત્તરપ્રદેશમાં કેરાના અને નૂરપુરની પેટાચૂંટણીમાં ભાજપની હાર બાદ મુશ્કેલી સમાપ્ત થઈ રહી નથી. પહેલા કેટલાક દલિત સાંસદોએ અવાજ બુલંદ કર્યો હતો અને હવે ભાજપના ઓબીસી સાંસદે પોતાની પાર્ટીની કેન્દ્ર સરકાર વિરુદ્ધ ધરણાં પર બેસવાનું એલાન કર્યું છે.

### મુંબઈમાં ચોમાસાનો પહેલો વરસાદ

ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં ચોમાસાનો પહેલો વરસાદ થયો છે. જો કે વરસાદ વચ્ચે કરંટ લાગવાની દુર્ઘટનામાં બે બાળકો સહીત કુલ ત્રણ લોકોના મોત નીપજ્યા છે.

# પાક.ની નાપાક હરકત : બે જવાન શહિદ

**સમાધાન બાદ ફરી અવળચંડાઈ, પાકે.અખનૂર સેક્ટરમાં બેફામ ગોળીબાર કર્યો : સરહદ પરના ૩૦ ગામડાઓને નાપાક પાકિસ્તાને ટાર્ગેટ બનાવ્યા, છાશવારે ગોળાબારીથી હજારો લોકો રાહત છાવણીઓમાં રહેવા મજબૂર બીએસએફના બે જવાન શહીદ થતાં નારાજગી : ૧૦થી વધુ અગ્રિમ ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાન દ્વારા કરાયેલો ગોળીબાર**



શ્રીનગર,તા. ૩

રમઝાનના પવિત્ર મહિનામાં જમ્મુ કાશ્મીરના અખનુર સેક્ટરમાં પાકિસ્તાને ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો છે. શનિવારે મોડી રાત્રે પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં સરહદ સુરક્ષા દળના કોન્સ્ટેબલ વિજયકુમાર પાંડે અને એએસઆઈ સત્યનારાયણ યાદવ શહીદ થઈ ગયા હતા. એમ માનવામાં આવે છે કે, પાકિસ્તાને ભારતની ૧૦ અગ્રિમ ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. બીએસએફ દ્વારા પણ પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાને મોડી રાત્રે અખનુર સેક્ટરમાં ગોળીબારની શરૂઆત કરી હતી. અગ્રિમ ચોકીઓ ઉપર ગોળીબાર કરવામાં આવ્યા બાદ બીએસએફના બે જવાન ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમનું મોત થયું હતું. બીજી બાજુ બીએસએફે પાકિસ્તાની ગોળીબારનો જોરદાર જવાબ આપ્યો છે. પાકિસ્તાની ગોળીબારમાં ત્રણ નાગરિકોને પણ ઈજા થઈ હતી. આશરે ૩૦ ગામોને પાકિસ્તાને ટાર્ગેટ બનાવ્યા છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ વહેલી પરોઢે અઢી વાગે પાકિસ્તાન

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલની મંદસૌર રેલીની તડામાર તૈયારીઓ આરંભાઈ

**પાર્ટી કાર્યકરો દ્વારા જોરદાર તૈયારીઓ**

**મધ્યપ્રદેશમાં ખેડૂતોનો મુદ્દો મુખ્ય રહેશે**



નવીદિલ્હી, તા.૩

મધ્યપ્રદેશમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની યોજાનારી છઠ્ઠી જૂનની રેલીને લઈને કોંગ્રેસના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધી મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે આજ દિવસે ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફુંકશે. રાહુલ દ્વારા તે દિવસે કિસાન સમૃદ્ધિ સંકલ્પની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ફિક્સ્ડ આવક સાથે રાજ્યમાં ખેડૂતોની સ્થિતિને સુધારવાની કોંગ્રેસની કોઈ યોજનાની જાહેરાત કરવામાં આવી શકે છે. રાહુલ ગાંધી લોકોને એવા વચન આપી શકે છે કે જો પાર્ટી મધ્યપ્રદેશમાં સત્તા પર આવશે તો કિસાન સમૃદ્ધિ સંકલ્પની જાહેરાત કરવામાં આવશે. રાહુલ દ્વારા પ્રચારને લઈને તૈયારીઓ કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધી પ્રચાર દરમિયાન મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા ખેડૂતોના મુદ્દાને જોરદારરીતે ચગાવવા ઈચ્છુક છે. મંદસૌરમાં પોલીસ ગોળીબારમાં પાંચ ખેડૂતોના મોતની પ્રથમ પુણ્યતિથી પણ છઠ્ઠી જૂનના દિવસે આવી રહી છે. આવી સ્થિતિમાં આ મુદ્દાને જોરદારરીતે ઉઠાવવામાં આવી શકે છે.


# પરમાણુ સક્ષમ અગ્નિ-૫નું સફળ પરીક્ષણ

**અતિઆધુનિક બેલાસ્ટિક મિસાઇલ સમગ્ર ચીન સુધી પહોંચી શકે અગ્નિ સિરિઝની મિસાઇલોને ચીન અને પાકિસ્તાનને ધ્યાનમાં લઇ તૈયાર કરાઈ : ભારતની મોટી હરણફાળ : ૫,૦૦૦ કિમીની રેન્જ**

નવી દિલ્હી,તા. ૩

ભારતે આજે ઓરિસ્સાના બાલાસોરમાં સ્વદેશીરીતે તૈયાર શક્તિશાળી મિસાઈલ અગ્નિ-૫નું સફળ પરીક્ષણ કર્યું હતું. આ લોંગ રેંજ બેલાસ્ટિક મિસાઈલ પરમાણુ હથિયારો લઈને ત્રાટકવામાં સક્ષમ છે. ૫૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવનાર આ મિસાઈલનું પરીક્ષણ ઓરિસ્સાના દરિયાકાઠા પર અબ્દુલ કલામ આઈલેન્ડથી આ મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડમાં તેના સમાવેશની દિશામાં પણ ભારતે મોટુ પગલુ લીધુ છે. આ મિસાઈલ હજુ સુધીની સૌથી એડવાન્સ મિસાઈલ છે. આ મિસાઈલ ચીનના મોટા ભાગના ઉત્તરપૂર્વીય વિસ્તારો સુધી

● અનુસંધાન પાન-૭ પર





INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT — IITE

## LEVERAGING THE ART OF TEACHING

*Indian Institute of Teacher Education is dedicated to preparing teachers of the highest caliber for the global education culture. Today, our graduates are reckoned as instructional leaders and representatives for educational equity in their respective schools and community, owing to the world-class mentorships that we offer to each aspiring teacher.*

Be a part of India's first and most comprehensive teacher trainig program at IITE - A Renowned University in a World-Class City.

- Government of Gujarat Established
- Integrated 4 year B.Sc. B.Ed. / B.A., B.Ed. (English Medium) programs recognized by UGC & NCTE
- Hands-on learning experience through various practical projects in incubation centre
- Experienced faculties from diverse teaching backgrounds provide mentorship and knowledge to students
- Personalized teaching approach centered on relationship with students and peers
- Smart classrooms for teachers of tomorrow
- Attention towards professional as well as personal growth of students
- Plethora of extracurricular activities like Horse Riding, Dance, Drama, Arts and Crafts included in curriculum to nurture Mind, Body, Heart and Soul of students
- Collaboration with various national as well as international institutes for study/teaching programs
- Fully furnished hostel facilities separate for boys and girls
- Project based Learning is the core concern of Teaching Learning Process
- Scope of International Internship and Placement
- Special Training Programmes like: NET/SLET, GPSC, CTET/TAT, TET/TAT
- 5 Teachers teaching in Kuwait



ADMISSIONS FOR

4-year Flag-ship B.Sc. B.Ed. / B.A. B. Ed. (English Medium) programs Open on

May 30, 2018 at 11:00 AM

Admission Process Closes on June 13, 2018 at 5:00 PM

**If you have a passion for teaching, a zeal for nurturing minds, then IITE is the best centre to sharpen your teaching acumen.**

- Only online applications are accepted
- Admissions shall be purely on merit
- Entrance examination to be conducted as follows:
  - Kindly log on to www.iite.ac.in
  - Follow the instructions for opening the online application form and remitting fees
- Date of entrance exam 17-06-2018 (Sunday)
- Online Test Centres - *Ahmedabad, Rajkot, Surat*

Time and venue of examination to be notified on the website.

**Indian Institute Of Teacher Education**

(State University Established by Government of Gujarat)

Ramkrishna Paramhans Vidya Sankul Nr. Mahatma Mandir, Kh-Road, Sector-1 5, Gandhinagar-382016, Gujarat, INDIA

www.iite.ac.in



સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની વાર્ષિક પુણ્યતિથિએ

## શ્રદ્ધાંજલિ



એક એવો જીવ, એક એવો આત્મા,
જે અમારા સૌના જીવનને ઉજાળી ગયો,
આકાશ ઉમંગને આપી, વંશવેલો વધાર્યો તેં,
અગણિત ઉપકાર કરી, સૌને ઋણી બનાવ્યા તેં,
સાલસ, નિર્દોષ જીવન જીવી, સૌને હસતા રાખ્યા તેં,
સેવાધર્મ નિભાવીને ભવોભવનાં બંધન બાંધ્યા તેં,
આનંદ, ઉલ્લાસ, કિલ્લોલનો સમય ત્યાગીને
જીવનનાં સૌ સ્વપ્ન તોડીને અચાનક સ્વર્ગે સિધાવી તું
સૌ પ્રભુને પ્રશ્ન કરીએ છીએ, અડધે મારગે સાથ છોડાવ્યો કેમ ?
કાયમ તને પ્રેમ કરીશું, પળે પળે તને યાદ કરીશું
સૌની લાડકવાયી શૈલાના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

રમેશભાઈ ભલાભાઈ પટેલ
(આર.બી. પટેલ) (રીટાયર્ડ Dy.S.P.)
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
ગં.સ્વ. શાન્તાબેન ભલાભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)